રજુ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬
દાખલ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬
ફૈંસલ તારીખ : ૧૮/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ : માસ : દિવસ :
૦૦ : ૦૦ : ૦૯ :

**આણંદ જીલ્લાના મહે. બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. પેટલાદ.**

ફોજદારી પરચુરણ અરજી **નં.–૮૨/૨૦૨૬.**
**આંક :**

**દેવેન્દ્રભાઈ ઉર્ફે ટીનાભાઈ મોતીભાઈ સોલંકી.**
ઉ.વર્ષ.૪૫, ધંધો.વેપાર.
રહે. ખડા, બસ સ્ટેન્ડ પાસે, તા.તારાપુર,
જી.આણંદ.
(હાલે જયુડીશીયલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત)

... અરજદાર

**વિરૂધ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત.**
(નોટીસ થ્રુ આસી. સરકારી વકીલશ્રી, પેટલાદ)

... સામાવાળા

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી**

અરજદાર તરફે : વિ. વકીલ શ્રી પી.ડી.જોષી
સામાવાળા તરફે :વિ.એડી. પી. પી. શ્રી જે.એચ.રાઠોડ

## –: : ઠ રા વ : :–

(૧) આ કામનાં અરજદાર/આરોપીને **પેટલાદ ટાઉન પો.સ્ટે. ના**

ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૬૦૨૮૩/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ –૩૧૮(૪), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) ના કામે અટક કરેલ હોય, અરજદાર /આરોપીએ નીચેની કોર્ટમાં મુકેલી જામીન અરજી નીચેની કોર્ટે નામંજુર કરતા અત્રેની અદાલતમાં બી.એન.એસ. ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત કરવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે અરજદાર/આરોપી સામેના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપી નાઓએ એકબીજાના મેળાપીપણામાં પુર્વયોજીત ગુનાહિત કાવતરું રચી આરોપી નં. ૧ અને ૨ પોતે પીનલબેનના પુત્રો ન હોવા છતાં તેમજ પચાસ વર્ષથી વધુ ઉંમરના હોવા છતાં ખોટી વય દર્શાવી ખોટું હયાતી પેઢીનામું અને ખોટા સોગંદનામાના આધારે મોજે પાળજ ગામની જમીનમાં ખોટી વારસાઈ નોંધ મંજુર કરાવી લીધેલ હતી તેમજ ત્યાર બાદ આ ખોટી નોંધના આધારે મેળવેલ ખેડુત ખરાઈ પ્રમાણપત્રનો સાચા તરીકે ઉપયોગ કરી બાવળાના ગાગડ ગામે ખેતીની જમીન ખરીદી સરકાર તેમજ જાહેર જનતા સાથે છેતરપીંડી આચરેલ અને ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ. તપાસ દરમ્યાન હાલના અરજદાર/આરોપીની સદરહુ ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલી.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી ની દલીલ મુજબ, અરજદાર/આરોપીએ કહેવાતો ગુનો કરેલ ન હોવા છતાં ફરીયાદી ધ્વારા ખોટી હકીકતો ઉપજાવી કાઢી ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે ફરીયાદી પીનલબેન કે જેઓ ખડા ગામના દિકરી થતા હોય અને તેણીને પેઢીનામાની જરૂરીયાત પડેલ હોવાથી અરજદાર/આરોપીએ પીનલબેનને ઓળખતા હોવાના કારણસર પેઢીનામામાં સાક્ષી તરીકે સહી કરેલ છે. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે અરજદાર/આરોપીએ કોઈ આર્થિક લાભ મેળવેલ

હોય અથવા તો કોઈ કિંમતી જામીનગીરી ખોટી રીતે આપી દીધેલ હોવાનો કોઈ આક્ષેપ નથી. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે અરજદાર/આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ. તથા અન્યના ચુકાદામાં તેમજ સતેન્દરકુમાર અનટીલ વિરુધ્ધ સી.બી.આઈ. ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો ધ્યાને રાખી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે આક્ષેપીત ગુના સંબધેની કલમો મુજબ અરજદાર/આરોપી સામેની સજાનું તહોમત ફાંસી કે આજીવન કેદનું નથી. વિ.વ.શ્રી ની રજુઆત મુજબ આ કામના અરજદાર/આરોપી જામીન અરજીમાં દર્શાવેલા સરનામાના કાયમી રહીશ છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી કે પુરાવા સાથે ચેડા કરી ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવુ કૃત્ય કરે તેવા ન હોય, નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવાની ખાત્રી આપતા હોય, અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલી છે.

(૪) અરજદારની અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરતા આ કામે સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી ધ્વારા ભારપુર્વક રજુઆત કરેલી કે, આ કામે અરજદાર/આરોપી તથા અન્ય આરોપી સામે બી.એન.એસ. ની કલમ-૩૧૮(૪), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) મુજબનો ગંભીર ગુનાનો આરોપ છે. હાલના ગુના સંબધેની તપાસ ચાલુ છે અને જો અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાય શકે છે તથા પુરાવા સાથે ચેડા થવાની પુરેપુરી સંભાવના રહેલ છે તેમજ નાસી-ભાગી જાય તેમ હોવાથી અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત ન કરવા રજુઆત કરેલી છે. વિ. સરકારી વકીલશ્રી મારફતે તપાસ કરનાર અધિકારીએ આંક-૪ થી સોગંદનામુ રજુ કરેલુ છે.

(૫) ઉભય પક્ષે લંબાણ પુર્વક સાંભળ્યા. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ, એફ.આઈ.આર. ની નકલ અને કેસ પેપર્સ ધ્યાને લેવામાં આવ્યા. કેસ પેપર્સ ઉપરથી ફલીત થાય છે કે, આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ. ની કલમ-૩૧૮(૪), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨) મુજબનો આક્ષેપ છે. અરજદાર/આરોપી તથા અન્ય આરોપી નાઓએ ખોટું પેઢીનામું તથા ખોટા સોગંદનામાના આધારે પાળજ મુકામે જમીનમાં ખોટી વારસાઈ નોંધ મજુર કરાવેલ અને તે નોંધના આધારે ખેડુત ખરાઈ પ્રમાણપત્ર મેળવેલ અને તેનો બાવળાના ગાગડ ગામે ખેતીની જમીન ખરીદી સરકાર તથા જાહેર જનતા સાથે છેતરપીંડી કરેલ અને ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાનો ગંભીર આરોપ છે. સદર ગુના સંબધેની ફરીયાદમાં ફરીયાદીએ અરજદાર/આરોપીનું નામ લખાવેલ હોવાનું જણાય આવે છે. વધુમાં સદર ગુનાની તપાસમાં અરજદાર/આરોપીએ સાક્ષી તરીકે પેઢીનામામાં સહી કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને તે હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીએ ખોટું પેઢીનામું બનાવવામાં મદદગારી કરેલ હોવાનું માનવાને કારણ જણાય આવે છે. વધુમાં તેમજ સદર ગુનામાં અન્ય કોણ કોણ સંડોવાયેલ છે અને કયા વ્યકિતએ શું રોલ ભજવેલ છે તે બાબતે તપાસ ચાલુ છે. જેથી જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તપાસના કામે અવરોધ ઉભો કરે તેમજ પુરાવાનો નાશ કે તેની સાથે ચેડા કરવાની શકયતાઓ રહેલ હોવાનું જણાય આવે છે. વધુમાં રેકર્ડ ઉપર રજુ થયેલ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું તથા ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતાં અરજદાર/ આરોપીને વિવેકાધીન સત્તાના આધારે જામીન ઉપર મુકત કરવા વ્યાજબી અને યોગ્ય ન જણાય આવતું હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# <u>– : : હુકમ : : –</u>

**૧.** આ કામના અરજદાર/આરોપી **દેવેન્દ્રભાઈ ઉર્ફે ટીનાભાઈ મોતીભાઈ સોલંકી,** રહે. ખડા, બસ સ્ટેન્ડ પાસે, તા.તારાપુર, જી.આણંદ. (હાલે જ્યુડીશીયલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત) નાઓની આ જામીન અરજી આથી <u>'' **નામંજુર** ''</u> કરવામાં આવે છે.

આ ચુકાદો આજ તારીખ–૧૮, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૮/૦૬/૨૦૨૬ **(ઝંખના વી. ત્રિવેદી)**
સ્થળ :– પેટલાદ. બીજા અધિક સેશન્સ જજ, પેટલાદ
**GJ-00676**

*સ્ટેનો–જે.ટી.રાણા.*